નવી બાબત-૨૦૧૮-૨૦૧૯
ઇડીએન-૩૦

ઇન્ડીયન ઇન્સ્ટીટ્યુટ ઓફ ટીચર્સ એજ્યુકેશન યુનિવર્સિટી, ગાંધીનગર ખાતે ૧૪ શૈક્ષણિક જગાઓ માટે અંદાજપત્રમાં કરવામાં આવેલ જોગવાઇનો ખર્ચ કરવાની વહીવટી મંજૂરી આપવા અંગે

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
ઠરાવ ક્રમાંક: આઇટીઇ-૧૧૧૭- ન.બા.-CHE-૪૬૬-ખ-૨
સચિવાલય, ગાંધીનગર.
તારીખ:૧૪.૦૫.૨૦૧૮

વંચાણે લીધા:-

૧) નિયામકશ્રી, ઉચ્ચ શિક્ષણ કમિશ્નર કચેરીનો તા.૦૩.૦૪.૨૦૧૮નો પત્ર ક્રમાંક:ISC-7/CHE/ નવી બાબત /૨૦૧૮

ઠ રા વ -

સને ૨૦૧૮-૧૯ ના અંદાજપત્રમાં નવી બાબત તરીકે સમાવેશ કરેલ ઇન્ડીયન ઇન્સ્ટીટ્યુટ ઓફ ટીચર્સ એજ્યુકેશન યુનિવર્સિટી, ગાંધીનગર ખાતે ૧૪ શૈક્ષણિક જગાઓ માટે અંદાજપત્રમાં કરવામાં આવેલ જોગવાઇનો ખર્ચ કરવાની વહીવટી મંજૂરી આપવા નિયામકશ્રી, ઉચ્ચ શિક્ષણ કમિશ્નર કચેરી, ગાંધીનગર દ્વારા વંચાણે લીધેલ ક્રમાંક (૧) ના પત્રથી અત્રે દરખાસ્ત કરવામાં આવી હતી. જે સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

૨. પુખ્ત વિચારણાને અંતે, ઇન્ડીયન ઇન્સ્ટીટ્યુટ ઓફ ટીચર્સ એજ્યુકેશન યુનિવર્સિટી, ગાંધીનગર ખાતે નીચે કોષ્ટકમાં દર્શાવ્યા મુજબની કુલ ૧૪ શૈક્ષણિક જગાઓ માટે સને રૂ.૧૦૦.૦૦ લાખ (અંકે રૂપિયા એક કરોડ પુરા) નો ખર્ચ કરવાની નીચે દર્શાવેલ શરતોને આધીન આથી વહીવટી મંજૂરી આપવાનું ઠરાવવામા આવે છે.

| ક્રમ | જગાનું નામ | જગાની સંખ્યા | પગાર ધોરણ |
|---|---|---|---|
| ૧ | પ્રોફેસર | ૦૨ | ૩૭૪૦૦-૬૭૦૦૦ ગ્રેડ પે રૂ.૧૦૦૦૦ |
| ૨ | એસોસીયેટ પ્રોફેસર | ૦૫ | ૩૭૪૦૦-૬૭૦૦૦ ગ્રેડ પે રૂ.૯૦૦૦ |
| ૩ | આસીસ્ટન્ટ પ્રોફેસર | ૦૭ | ૧૫૬૦૦-૩૯૧૦૦ ગ્રેડ પે રૂ.૬૦૦૦ |
| | કુલ | ૧૪ | |

શરતો:-

(૧) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઇને આધિન અને નાણા વિભાગ વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં અંદાજપત્રીય જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(૩) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતોવખત લાગુ પડતા ઠરાવો, પરિપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે

(૪) આ મંજૂરી અન્વયે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનું પાલન કરવાનુ રહેશે.

(૫) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહી. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૬) યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૭) વર્ગ-૧ અને વર્ગ-૨ ની જગાઓ ભરતી નિયમોની જોગવાઇ અનુસાર ઠરાવેલ રેશીયો મુજબ ભરવા કાર્યવાહી કરવાની રહેશે.

(૮) જે તે જગાઓના પગાર-ધોરણો આર.ઓ.પી-૨૦૦૬ પ્રમાણે છે કે કેમ તે ખાતરી કરી લેવાની જવાબદારી ઉચ્ચ શિક્ષણ કમિશ્નર કચેરીની રહેશે.

(૯) સીધી ભરતીથી નિમણૂંક પામનાર ઉમેદવારને નિયમિત નિમણૂંક મળ્યા બાદ નાણા વિભાગના તા.૧૮.૦૩.૨૦૦૫ના ઠરાવ ક્રમાંક: નપન/૨૦૦૩/જીઓઆઇ/૧૦ (પા.ફા.) ની જોગવાઇ પ્રમાણે રાજ્ય સરકાર દ્વારા તા.૦૧.૦૪.૨૦૦૫ થી દાખલ કરવામાં આવેલ નવી વર્ધીત પેન્શન યોજના હેઠળ આવરી લેવાના રહેશે.

(૧૦) આ જગાઓ ભરતી વખતે અનામતનું ધોરણ નિયમોનુસાર જળવાય તે ઉચ્ચ શિક્ષણ કમિશ્નર કચેરીએ જોવાનું રહેશે. આ જગાઓ ભરતી વખતે બેકલોગની જગા હોય તો તેને અગ્રીમતા આપવાની રહેશે.

(૧૧) આ જગ્યાઓ ઉપરની ભરતી સરકારશ્રીના જે તે જગ્યાના પ્રવર્તમાન ભરતીનિયમો અને નિયતભરતી પધ્ધતિને અનુસરીને કરવાની રહેશે.

(૧૨) કોમ્પ્યુટરની જાણકારી માટે પ્રવર્તમાન ભરતી નિયમોનુસાર ઉમેદવાર નિયત કરેલ કોમ્પ્યુટર કૌશલ્યની પરીક્ષા પાસ કરેલ/ લાયકાત ધરાવતા હોવા જોઇએ.

(૧૩) રાજ્ય સરકાર દ્વારા વખતો વખત નિયત માર્ગદર્શનાની સૂચનાઓનો અમલ કરવાનો રહેશે.

(૧૪) આ નવી મંજૂર કરેલ જગ્યાઓ જે-તે નાણાકીય વર્ષના અંત સુધી ચાલુ રાખવાની મંજૂરી આપવામાં આવે છે. ત્યારબાદ જગ્યાઓ વખતો વખત ચાલુ રાખવાની થાય તો વિભાગે જગ્યાઓ લંબાવવાની દરખાસ્ત મુદત પૂરી થતા પહેલાના એક માસ અગાઉ નાણાકીય સલાહકારશ્રીને રજૂ કરી જગ્યા વધુ સમય ચાલુ રાખવાની મંજૂરી મેળવી લેવાની રહેશે.

(૧૫) નાણા વિભાગ દ્વારા જે શરતોએ મંજૂરી આપવામાં આવેલ હોય તેમાં કોઇપણ સંજોગોમાં નાણા વિભાગની પૂર્વ મંજૂરી વિના ફેરફાર કરી શકાશે નહીં અન્યથા તે અંગેની જવાબદારી વિભાગની રહેશે.

૩. આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ માંગણી નં.-૦૯, ૨૨૦૨-૦૩-૧૦૨-૦૯, ઇડીએન-૩૦ સદર હેઠળ થયેલ જોગવાઇમાંથી મેળવવાનો રહેશે.

૪. આ ઠરાવ સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણા વિભાગની તા.૦૭.૦૫.૨૦૧૮ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે રવાના કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે

(દિપક પટેલ)
સેકશન અધિકારી
શિક્ષણ વિભાગ

પ્રતિ,

- ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી,ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલ, અમદાવાદ/રાજકોટ.
- રજીસ્ટ્રારશ્રી, ઇંન્ડીયન ઇન્સ્ટીટ્યુટ ઓફ ટીચર્સ એજ્યુકેશન યુનિવર્સિટી, ગાંધીનગર
- નિયામકશ્રી, હિસાબી અને તિજોરી કચેરી, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ / ગાંધીનગર.
- નાણા શાખા, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- બજેટ શાખા, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર
- નાયબ સેકશન અધિકારી, સિલેક્ટ ફાઇલ
- સિલેક્ટ ફાઇલ.